AAU
કૃષ્ણવત્તો રાષ્ટ્રં કૃષિ સંવર્ધનમ્

**પ્રસાર શિક્ષણ ભવન**
**આણંદ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ**
**આણંદ – 388 110 (ગુજરાત)**
**ફોન/ફેક્સ: ૦૨૬૯૨–૨૬૧૨૭૦(0)**

## -: ટેન્ડર નોટીસ :-

આથી ભંગાર આઈટમો ખરીદતા ઈસમોને જણાવવાનું કે પ્રસાર શિક્ષણ ભવન, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે લોખંડ અને લાકડાનો પરચુરણ ભંગાર જે તે હાલતમાં છે. તે હાલતમાં સમગ્ર ઢગલા પ્રમાણે નીચે જણાવ્યા પ્રમાણેની શરતોને આધીન ટેન્ડરથી વેચાણ કરવાના હોઈ તેના ભાવો મોકલી આપવા વિનંતી. આ અંગે ખરીદવામાં રસ ધરાવતા વેપારીઓએ ભાવ પત્રક બંધ કવરમાં **રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડપોસ્ટ** મારફત ઉપરોક્ત જણાવેલ સરનામે તા.૨૪/૧૨/૨૦૨૦ સુધીમાં સાંજના ૫:૦૦ કલાકમાં મળી જાય તે પ્રમાણે મોકલી આપવાના રહેશે. ભાવ પત્રક ઉપર લોખંડ-લાકડાના ભંગારનું ભાવપત્રક તેવું સ્પષ્ટ લખવું જરૂરી છે.

ટેન્ડરની શરતો :-

(૧) "ટેન્ડર ફી" નોન-રીફંડેબલની રકમ રૂા.૧૦૦/- અત્રેની હિસાબી શાખામાં કચેરી સમય દરમ્યાન રોકડા ભરી ટેન્ડર લેવું તથા અસલરસીદ ભાવ ભરેલ પત્રક સાથે બીડવી અને એક ફોટોકોપી પોતાની પાસે રાખવાની છે.
(૨) ભાવપત્રક સાથે ડિપોઝીટની રકમ રૂા.૧૦૦૦/- ડ્રાફ્ટથી ભરવાની રહેશે. ડ્રાફ્ટ એ.એ.યુ.ફંડ એકાઉન્ટ ના નામનો મોકલવાનો રહેશે.
(૩) નિયત તારીખ બાદ મળેલ ભાવપત્રક રદબાતલ ગણાશે.
(૪) ભાવ પત્રક ઉપર "લોખંડ-લાકડાના ભંગારનું ભાવપત્રક" તેવું સ્પષ્ટ લખવું.
(૫) ટેન્ડર નોટીસમાં દર્શાવેલ ભંગાર લોખંડ-લાકડાના આઈટમનો ઢગલો રજા સિવાયના દિવસો દરમ્યાન સવારના ૯.૦૦ થી સાંજનાં ૫.૦૦ કલાક દરમ્યાન કચેરીમાં રૂબરૂમાં જોવા મળશે.
(૬) લોખંડ-લાકડાના આઈટમના ભાવો ઢગલાઓ મુજબ દર્શાવવાના રહેશે.
(૭) ટેન્ડર મંજૂર કરવું કે નહીં તેની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ડિપોઝીટની રકમ ઓરીજનલ ડિપોઝીટની ભર્યાની રીસીપ્ટ રજૂ કર્યા બાદ ૧-માસમાં પરત મળશે.
(૮) ટેન્ડર મંજૂર થયે ટપાલ/ફોન દ્વારા જાણ કરવામાં આવશે, ત્યાર બાદ દિન-૫ માં મંજૂર થયેલ ભાવ મુજબના નાણાં અત્રેની કચેરીના કેશીયર પાસે કચેરીમાં ભરી અત્રે રસીદ બતાવી સ્વખર્ચે માલ લઈ જવાનો રહેશે. જો દિન-૫ માં મંજૂર થયેલ ભાવ મુજબ રકમ ભરપાઈ કરવામાં નહી આવે તો ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને માલ બીજા નંબરની પાર્ટીને વેચાણ કરવાની વિચારણા કરવામાં આવશે.
(૯) કોઈપણ વાદ-વિવાદમાં નીચે સહી કરનારનો નિર્ણય આખરી રહેશે.
(૧૦) જેનું ટેન્ડર લાગશે તેની ડીપોઝીટની રકમ જમા લેવામાં આવશે અને જેનું ટેન્ડર નહીં લાગે તેને ડીપોઝીટનો ડ્રાફ્ટ પરત કરવામાં આવશે.

જા.નં. આકૃયુ/ઇઇઆઇ/ટેન્ડર/ ૬૫૪ /૨૦૨૦ તા.૩-૧૨-૨૦૨૦

નિયામક

નકલ સવિનય રવાના:
૧.સર્વે વિભાગીય વડાશ્રી/યુનિટ અધિકારીઓએ તરફ તેમના હસ્તક દરેક કર્મચારીઓને જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે નોટીસ બોર્ડ પર મૂકવા સારૂ.
૨. લોખંડ તેમજ લાકડાના ભંગાર આઈટમોની ખરીદીમાં રસ ધરાવતા વેપારીઓ તરફ
૩.અત્રેની કચેરીની હિસાબીશાખા તરફ જાણ તથા પાર્ટી તરફથી ભંગાર માલ-સામાનની ડીપોઝીટની રકમ જમા લેવા સારૂ.